| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ : | ૨૭/૧૦/૨૦૨૫ | | |
| દાખલ તારીખ : | ૨૭/૧૦/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ : | ૨૪/૦૪/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૫ | ૨૮ |

# મોડાસા ના મહેરબાન. પ્રિન્સિપાલ મેજીસ્ટ્રેટ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ મોડાસા

**બાળ કેસ નં.૫૧/૨૦૨૬**
**ફેંસલ તારીખ : ૨૪ એપ્રિલ, સને : ૨૦૨૬**
**આંક:–**

ફરીયાદી:– શ્રી સરકાર

વિરુધ્ધ.

કા.સ.કી :– (૧) કિશન(કા.સ.કી. નુ નામ ગુપ્ત રાખવા સારૂ ડમી નામ આપવામાં આવેલ છે )
રહે,પાદર મહુડી,તા.મેઘરજ, જી.અરવલ્લી ,
હાલ રહે,ગેડ તા. મેઘરજ, જી.અરવલ્લી.

ગુન્હો: બી.એન.એસ.કલમ: ૩૦૩(૨) મુજબ...

---

ફરિયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી.આર.એચ.જુરાની

આરોપી પક્ષ વિ.વ.શ્રી.એન.પી.ચોઈથાણી

---

**// ઠ રા વ //**

(૧).. ફરીયાદ પક્ષના કેસની સંક્ષિપ્તમાં હકિકત એવી છે કે, તા–૧૬/૦૯/૨૦૨૪ ના કલાક ૧૯/૦૦ થી કલાક ૧૯/૪૫ વાગ્યા સુધીના કોઈપણ સમયગાળા દરમ્યાન મોજે મોડાસા ખાતે મેઘરજ રોડ ઉપર એલ.આઈ.સી.ઓફિસની નીચે આવેલ સ્ટાઈલ આઈકોન નામની દુકાનની આગળ આવેલ ખુલ્લી જગ્યામાંથી આ કામના ફરિયાદીની હોન્ડા કંપનીનુ એકિટવા ટુ–વ્હીલર નંબર **GJ-31-K-7389** નું સફેદ કલરનુ જેનો ચેસીસ નંબર **ME4JF50AHKW194837** નો તથા એન્જીન નંબર **JF50EW0194852** નું સને ૨૦૧૯ મોડેલનું જેની કિંમત રૂ.૩૫,૦૦૦/– ની મત્તાની ચોરી કરી લઈ જઈ પાછળથી મળી આવી પકડાઈ જઈ બી.એન.એસ.કલમ: ૩૦૩ (૨) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨).. ત્યારબાદ આરોપીઓને સમન્સ કાઢતા અદાલત અદાલત સમક્ષ હાજર થતા , તેમને ક્રિ.પ્રો.કો.નીકલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યા ની ખાતરી કર્યા બાદ, તેમની વિરુધ્ધના ગુનાઓ સબબ આરોપીઓનું આંક: ૦૩ હેઠળ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તહોમતની કબુલાતનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષને પુરાવો રજુ કરવા જણાવેલ.

(૩).. આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**મૌખિક પુરાવાની વિગત**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| 1. | સા.આયુષભાઈ રાજેન્દ્રભાઈ ભાવસારની જુબાની ફરીયાદી | ૦૫ |

**દસ્તાવેજી પુરાવાની વિગત**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| 1. | પંચનામુ | ૦૬ |
| 2. | કા.સ.કી.ની શરીર સ્થિતિનું પંચનામુ | ૦૭ |
| 3 | ફરીયાદીની કલોઝિંગ પુરસીસ | ૦૮ |

(૪).. ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ ફરિયાદ પક્ષે પુરાવા બંધની પુરસ ત્યારબાદ મુળ ફરીયાદી ધ્વારા આંક:૦૮ થી પુરાવો બંધ કરવાની પુરસીસ રજી કરી વધુ પુરાવો આપવા માગતા અને કેસ આગળ ચલાવવા માગતા નથી તેમ જણાવતા હોઈ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. નોંધવાલાયકબાદ ફરીયાદ પક્ષ તરફથી આરોપી વિરુધ્ધ વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવા રેકર્ડ ઉપર આવતા ન હોય,સી.આર.પી.કલમ–૩૧૩ મુબજ વિશેષ નિવેદન લેવામા આવેલ નથી.આ કામમાં બંને પક્ષોના વિ. વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫).. સદર કામે બંને પક્ષો તરફથી થયેલી દલીલો, રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા બાદ મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## <u>::– મુ દ્દા ઓ –::</u>

૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા–૧૬/૦૯/૨૦૨૪ ના કલાક ૧૯/૦૦ થી કલાક ૧૯/૪૫ વાગ્યા સુધીના કોઈપણ સમયગાળા દરમ્યાન મોજે મોડાસા ખાતે મેઘરજ રોડ ઉપર એલ.આઈ.સી.ઓફિસની નીચે આવેલ સ્ટાઈલ આઈકોન નામની દુકાનની આગળ આવેલ ખુલ્લી જગ્યામાંથી આ કામના ફરિયાદીની હોન્ડા કંપનીનુ એકિટવા ટુ–વ્હીલર નંબર **GJ-31-K-7389** નું સફેદ

કલરનુ જેનો ચેસીસ નંબર ME4JF50AHKW194837 નો તથા એન્જીન નંબર JF50EW0194852 નું સને ૨૦૧૯ મોડેલનું જેની કિંમત રૂ.૩૫,૦૦૦/– ની મત્તાની ચોરી કરી લઈ જઈ પાછળથી મળી આવી પકડાઈ જઈ બી.એન.એસ.કલમ: ૩૦૩ (૨) અન્વયેનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલો છે ?

૨ ). શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ યો –::**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**–:: કા ર ણો –::**

(૭) પ્રસ્તુત કામના આરોપીઓ ઉપર આક્ષેપાયેલ ગુના સંદર્ભે ઉપરોકત ઘડવામાં આવેલ મુદ્દાઓ પરત્વેનો ન્યાય નીર્ણય કરવા સારૂ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાની સવિશેષ ચર્ચા કરી અત્રે તેના કારણો નીચે મુજબ નીરૂપિત કરવામાં આવેલ છે.

(૮).. આ કામે મૂળ ફરિયાદી : આયુષભાઈ રાજેન્દ્રભાઈ ભાવસાર ને આંક:૦૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આશરે એક વર્ષ અગાઉમા બનેલો. બનાવ વખતે તેઓ તેઓની ટુ વિલર જી.જે. ૩૧ કે. ૭૩૮૯ ને લઈને તેઓ મેઘરજ રોડ પર આવેલ એલ.આઈ.સી ઓફીસ પર મુકેલી હતી. કામ પતાઈને પાછો આવતા તેઓની એકટીવા મળેલ નહી. જેથી તેઓએ તેઓના કાકાને પણ જાણ કરેલી અને આજુબાજુ માં તપાસ કરતા મળેલ નહી. વાહન ન મળતા તેઓએ મોડાસા ટાઉન પો.સ્ટેમાં ફરીયાદ કરેલી. જેમા તેઓની સહિ છે. જેને તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૬ આપવામા આવે છે. તેઓ

કોઈ ઈસમને ઓળખી બતાવી શકે નહી. જેને તેઓનુ વાહન ચોરી કરેલ હોય.

સદરહું પંચ સાહેદની બચાવપક્ષ દવારાં લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે,બનાવના હકિકત વાતો વાત થી જાણ થયેલ. એ વાત ખરી છે કે વાહન કોન ચોરી કરેલ તેની તેઓને ખબર નથી.

સદર કેસનો નિર્ણય કરતાં પહેલાં બી.એન.એસ.કલમ: ૩૦૩(૨) ના આવશ્યક તત્વો જોવા જરૂરી જણાતા હોય તે આ પ્રમાણે છે.

The points requiring proof are—

that the subject-matter of theft is movable property ;

that it was in possession of any person ;

that the accused moved it ;

that he did so without the consent of the person in possession ;

that he did so intending to take it out of his possession ;

that he did so dishonestly ;

that the accused was at the time a clerk or servant ; or employed as such by the person from whose possession the property was stolen.

આમ, સદર કામેબી.એન.એસ.કલમ: ૩૦૩(૨) હેઠળ તકસીરવાન ઠરાવવાના આવશ્યક તત્વો જોતાં સદર કામે રેકર્ડ ઉપર એવી કોઈ સ્પષ્ટ હકીકત આવેલ નથી કે આ કામના કા.સ.કી.એ ફરીયાદીનીટુ વિલર જી.જે. ૩૧ કે. ૭૩૮૯ લઈને તેઓ મેઘરજ રોડ પર આવેલ એલ.આઈ.સી ઓફીસ થી ચોરી કરેલ. વધુમાં તપાસવામાં આવેલા સાહેદમાંથી કોઈ પણ સાહેદ નજરે જોનાર સાહેદ નથી તથા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોનું નિવેદન આ કામે નોંધવામાં આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ

છે તેમ માની શકાય નહીં.

**(૧૧)**..આમ,સદર કામે ઉપરોકત ફરીયાદી અને અન્ય સાહેદે તેમની જુબાની દરમ્યાન આ કામે ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતોથી વિપરીત અને વિરુધ્ધ પ્રકારની હકીકતો જણાવેલ છે. અલબત , સદર ફરીયાદીએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન આરોપીએ આક્ષેપીત ગુન્હો આચરેલ હોવાની હકીકતનો સ્પષ્ટ પણે ઈન્કાર કરેલ છે . વધુમા કામે આરોપી બી.એન.એસ.કલમ: ૩૦૩(૨) મુજબના ગુન્હાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આ ગુનાની જોગવાઈમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફલીત થાય તેવી હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. પરંતુ આ કામે મહત્વના ગણી શકાય તેવા સાહેદ કે જેઓ ફરીયાદી છે તેઓએ ફરીયાદ કે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી. તદઉપરાંત , ફરીયાદપક્ષે રજુ ફરીયાદની હકીકતો એ સમર્થનકારક પ્રકારના ગણી શકાય તેવા પુરાવાઓ છે. આ કામે જયારે પ્રત્યક્ષ કહી શકાય તેવા મહત્વના પુરાવામાં આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત તહોમત માહેની હકીકતોનો ઈન્કાર કરતી હકીકતો ફલીત થયેલ છે. ત્યારે સદરહું દસ્તાવેજી પુરાવાઓથી કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે તેમ માનવાને કારણ ઉપસ્થિત થતુ નથી. આમ, ફરીયાદીપક્ષે રજુ તમામ પુરાવાકીય હકીકતો તપાસતા આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વો ફલીત થતા હોય તેવી પુરાવાકીય હકીકતો ન રજુ થયેલ હોવાથી આરોપીને બી.એન.એસ.કલમ: ૩૦૩(૨) મુજબના ગુના પૈકી કોઈ ગુનામાં તકસીરવાન ઠરાવવા પાત્ર જણાઈ આવતુ નથી. વધુમાં આ કામનુ રેકર્ડ જોતાં આ કામના કા.સ.કી છેલ્લા ઘણા સમયથી અન્ય ગુના ના કામે ઓબઝરવેશનમાં હોય આજરોજ હાજર નથી અને સી.આર.પી.સી. કલમ-૩૫૩(૬) મુજબ જો ચુકાદો માત્ર દંડ અને નિર્દોષ છોડી મુકવાનો હોય તો કાસકી ની ગે.હા.માં ચુકાદો આપી શકાય.હાલના કામના કાસકી પણ અત્રેની

અદાલતમાં હાજર રહેતા ન હોય સદર કલમ મુજબ ચુકાદો તેમની ગે.હા.માં આપવામાં આવે છે.આમ,ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદાનં. ૧ ''નકારમાં' નિર્ણીત કરી , મુદા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો 'આખરી હુકમ' કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

**(૧)** આ કામના કા.સ.કી : કિશન(કા.સ.કી. નુ નામ ગુપ્ત રાખવા સારૂ ડમી નામ આપવામાં આવેલ છે ) રહે,પાદર મહુડી,તા.મેઘરજ, જી.અરવલ્લી , હાલ રહે,ગેડ તા. મેઘરજ, જી.અરવલ્લી. નાઓને પુરાવાનાઅભાવે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ:૨૪૮ (૧) અન્વયે બી.એન.એસ.કલમ: ૩૦૩(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)**સદરહું કામના આરોપી ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ–૪૩૭(એ) અન્વયે જો આ ઠરાવ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે રૂા.૫,૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવા.

હુકમ આજરોજ તારીખ : ચોવીસ [મી], માહે: એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(એસ.આર.શર્મા)**
**પ્રિન્સિપાલ મેજીસ્ટ્રેટ,**
**જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,**
**(કોડ નં.જી.જે.૦૧૫૭૧)**

**તા. : ૨૪/૦૪/૨૦૨૬**
**મુ : મોડાસા**

K.S.VANKAR